
NHS
Test and Trace

# તમારી સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) માટે


| ચેતવણી | અન્ય ટેસ્ટ કિટ્સમાંથી ઘટકોને મિક્સ અને મૅચ કરશો નહિ |
|---|---|

**તમે શરૂ કરો તે પહેલાં આખી માર્ગદર્શિકા ધ્યાનથી વાંચો.**
તમે અગાઉ જેનો ઉપયોગ કર્યો છે એવા અન્ય ટેસ્ટ કરતાં આ ટેસ્ટ અલગ હોઈ શકે છે.

## માત્ર નાકનું પરીક્ષણ




1. બંને નસકોરાંમાંથી સ્વૅબ લો
2. નમૂના પર પ્રક્રિયા કરો
3. રાહ જુઓ
4. પરિણામો
5. રિપોર્ટ કરો




આ સૂચનાઓનો સંબંધ માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ), પ્રૉડક્ટ કોડ: L031-118Y5 માટે જ છે.

COVID-19 માટે તમારો પોતાનો અને અન્ય વ્યક્તિનો ટેસ્ટ કેવી રીતે કરવો અને NHSને પરિણામો અંગે જાણ કેવી રીતે કરવી તે આ માર્ગદર્શિકા સમજાવે છે. વેલ્શ સહિતનાં વૈકલ્પિક ભાષા સંસ્કરણો અને વિડીયો ડૅમોન્સ્ટ્રેશન્સ **gov.uk/covid19-self-test-help** પર છે.

# તમારે શું કરવાનું છે

## તમારી સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા

ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) એ COVID-19ની પરખ માટેનો શીઘ્ર ટેસ્ટ છે, જેમાં વપરાશકર્તાઓ પોતાના નાકમાંથી પોતાનો સ્વૅબ નમૂનો લે છે.

તે સૅલ્ફ-ટેસ્ટિંગ માટે અને *ઇન વિટ્રો* નિદાનાત્મક ઉપયોગ માટે જ છે.

સૂચનાઓ વાંચો અને યોગ્ય ક્રમમાં પગલાંઓને અનુસરો.

## શા માટે તમારે સૅલ્ફ-ટેસ્ટ કરવો જોઈએ

આ COVID-19 સૅલ્ફ-ટેસ્ટ કિટ એ તમે ચેપગ્રસ્ત થયા છો કે કેમ તે તપાસવા માટેનો એક સ્વૅબ ટેસ્ટ છે. તમને લક્ષણો ન હોય તો પણ તે તમને કહી શકે છે કે તમને વાઇરસ છે કે નહિ. જોકે, તમારા માટે કયા પ્રકારનો ટેસ્ટ યોગ્ય છે તે ચેક કરવા માટે તમારે રાષ્ટ્રીય નિર્દેશોનું પાલન કરવું જોઈએ.

## આ પુસ્તિકાની અંદર


| | |
|---|---|
| તમારે શું કરવાની જરૂર છે | 2 |
| નિર્દેશો અને સંગ્રહ | 3 |
| આ ટેસ્ટ વિશે | 4 |
| તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો | 5 |
| તમારી કિટની સામગ્રી ચેક કરો | 6 |
| તમારો ટેસ્ટ સેટ અપ કરો | 7 |
| કોઈ અન્ય પર ટેસ્ટ કરવો | 8 |
| તમારો સ્વૅબ નમૂનો લેવો | 9 |
| સ્વૅબ સૅમ્પલ પર પ્રક્રિયા કરવી | 10 |
| તમારાં પરિણામો વાંચવાં | 12 |
| તમારા પરિણામ અંગે જાણ કરવી | 14 |


આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે

# નિર્દેશો અને સંગ્રહ

| ચેતવણી | તમારા ઘટકોની ભેળસેળ ન થાય તેની ખાતરી કરવા માટે તમારા ટેસ્ટ્સનો અલગથી સંગ્રહ કરો. એક પ્રકારના ટેસ્ટમાંનું પ્રવાહી અન્ય ટેસ્ટ પર કામ કરશે નહિ. |
|---|---|

- જો તમે નાકમાં નથણી પહેરી હોય તો સ્વૉબિંગ પૂર્વે નથણી કાઢી લો.
- જો તમને સ્વૉબિંગ દરમિયાન નાકમાંથી લોહી નીકળે તો કૃપા કરીને સ્વૉબિંગ અટકાવી દો. સ્વૉબનો ઉપયોગ કરી શકાશે નહિ અને તમારે ફરીથી શરૂ કરવાની જરૂર પડશે.
- આ પ્રૉડક્ટને કુદરતી રબર લેટેક્સ વડે બનાવવામાં આવી નથી. જોકે, એવી સંભાવના રહેલી છે કે પરિવહન અથવા સંચાલનની પ્રક્રિયાઓ દરમિયાન ટ્રેસિસ તેમાં આવી શકે છે.
- જ્યાં નમૂના અથવા કિટને હૅન્ડલ કરવામાં આવેલ હોય એવા વિસ્તારમાં ખાશો, પીશો કે ધૂમ્રપાન કરશો નહિ.
- જો કોઈ પણ ભાગને નુકસાન થયેલું હોય તો ટેસ્ટનો ઉપયોગ કરશો નહિ.
- ટેસ્ટની તમામ વપરાયેલ સામગ્રીનો ઘરની કચરાપેટીમાં સુરક્ષિત રીતે નિકાલ કરવો જોઈએ.
- ઉપયોગ પહેલાં અને પછી હાથ બરાબર ધુઓ.
- જેમાં લોહી હોય એવા નમૂનાઓનો ઉપયોગ કરવાનું ટાળો.
- જેઓને હાથ અને દૃષ્ટિની સમસ્યાઓ હોય એવા લોકો માટે સ્વૉબિંગ અને ટેસ્ટિંગની પ્રક્રિયામાં સહાયતાની જરૂર પડી શકે છે.
- નાકના સ્વૉબનો નમૂનો એકત્ર કરતાં પહેલાં ઓછામાં ઓછી 30 મિનિટ માટે નૅસલ સ્પ્રેનો ઉપયોગ કરશો નહિ.

## સંગ્રહ અને હૅન્ડલિંગ

- ટેસ્ટ કિટનો બાળકો અને પ્રાણીઓથી દૂર સંગ્રહ કરો.
- ટેસ્ટ કિટનો સંગ્રહ 2 - 30 °C તાપમાનની વચ્ચે કરવો જોઈએ. ઠારશો નહિ.
- સીલ કરેલા પાઉચ પર પ્રિન્ટ કરેલી ઉપયોગની તારીખ બાદ ટેસ્ટનો ઉપયોગ કરશો નહિ.
- ટેસ્ટ 15 - 30 °C તાપમાન મર્યાદા પર કરવો જોઈએ.

**તમારી ટેસ્ટ કિટનો સુરક્ષિત રીતે નિકાલ કરો.**
એક વખત તમારો ટેસ્ટ પૂરો થયા બાદ તમામ વપરાયેલી ટેસ્ટ કિટની બધી સામગ્રી તમારા ઘરના સામાન્ય કચરામાં મૂકો. નિકાલ બાદ તમારા હાથ બરાબર ધુઓ.

# આ ટેસ્ટ વિશે

## આ ટેસ્ટ કોના માટે યોગ્ય છે



**પુખ્ત લોકો**
**18 અને તેથી વધુ વયના**
સૅલ્ફ-ટેસ્ટ અને રિપોર્ટ, જરૂર જણાય તો મદદ સાથે.



**12થી 17 વર્ષના કિશોરો**
સેલ્ફ-ટેસ્ટ અને રિપોર્ટ, એડલ્ટ ધ્યાન રાખી શકે. જરૂર પડે તો પુખ્ત વ્યક્તિ ટેસ્ટ કરી શકે છે.



**બાળકો**
ટેસ્ટ કોઈ પુખ્ત વ્યક્તિ દ્વારા કરવામાં આવવો જોઈએ. જો તમને બાળકનો ટેસ્ટ કરવામાં આત્મવિશ્વાસ જણાતો ન હોય તો આ ટેસ્ટ કરશો નહિ.

## જો તમને COVID-19નાં નવાં લક્ષણો જણાય તો

સૌથી છેલ્લામાં છેલ્લી સલાહ માટે **nhs.uk/coronavirus** પર જાઓ.

**હાલના ભલામણ કરાયેલા ટેસ્ટ માટેની ગોઠવણ કરો:**
**gov.uk/get-coronavirus-test** પર જાઓ અથવા **119** ડાયલ કરીને ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરો. લાઇનો રોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે (લૅન્ડલાઇન અને મોબાઇલમાંથી કૉલ કરવો મફત છે).

**જો તમને ચિંતા થતી હોય તો મદદ મેળવવામાં મોડું કરશો નહિ. તમને પોતાને વધારે ખબર હોય છે.**

**ચેતવણી**




**જો તમને તમારાં લક્ષણો અંગે ચિંતા હોય,** અથવા તમારાં લક્ષણો વણસે તો GPનો સંપર્ક કરો, NHS **111** ઑનલાઇન સેવાની **111.nhs.uk** પર જઈને મુલાકાત લો અથવા કોઈ વ્યક્તિ સાથે સીધી વાત કરવા માટે **111** પર કૉલ કરો.

તબીબી કટોકટી માટે તાત્કાલિકપણે ડાયલ કરો **999**.

# તમારા ટેસ્ટનો વિસ્તાર તૈયાર કરો

**તમને આની જરૂર પડશે:** એક ટાઇમર, જેમ કે વૉચ, ઘડિયાળ અથવા મોબાઇલ ડિવાઇસ, ટિશ્યૂ, સરફેસ ક્લીનર, હેન્ડ સૅનિટાઇઝર અથવા સાબુ અને ગરમ પાણી.



1. આ સૂચના માર્ગદર્શિકા કાળજીપૂર્વક વાંચો. જો તમને વધુ સહાયતા જોઈતી હોય તો ઑનલાઇન સ્વૅબ ટેસ્ટનો વિડીયો જુઓ: **gov.uk/covid19-self-test-help**



2. ટેસ્ટ શરૂ કરતાં પહેલાં તરત એક સમતલ સપાટી સ્વચ્છ કરો અને કોરી કરો, જેથી તેના પર ટેસ્ટ કિટ મૂકી શકાય.




3. સાબુ અને સાધારણ ગરમ પાણી અથવા હેન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને 20 સેકંડ માટે તમારા હાથ બરાબર ધુઓ.

   જો એકથી વધુ ટેસ્ટ કરી રહ્યા હો તો સપાટી સાફ કરો અને પ્રત્યેક ટેસ્ટની વચ્ચે તમારા હાથ ફરીથી ધુઓ.


આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે

# તમારી કિટની સામગ્રી ચેક કરો

| **ચેતવણી** | અન્ય ટેસ્ટ કિટ્સમાંથી ઘટકોને મિક્સ અને મૅચ કરશો નહિ |
|---|---|

## તમારા ટેસ્ટ બૉક્સમાં તમારી પાસે નીચેની વસ્તુઓ હોવી જોઈએ:

| **1x** | **7x** | **7x** | **7x** | **7x** |
|---|---|---|---|---|
| ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબ હોલ્ડર હોલ સાથેનું બૉક્સ | કચરાની બૅગ | સીલ કરેલા રૅપરની અંદર ડિસ્પોઝેબલ સ્વૅબ | સીલ કરેલા પૅકમાં ટેસ્ટ કૅસેટ | ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબ |



**સલાહ**




**તમારી ટેસ્ટ કિટ વિશે પ્રતિભાવ આપો અથવા નુકસાન અંગે રિપોર્ટ કરો**


જો તમારી ટેસ્ટ કિટના કોઈ ભાગને નુકસાન થયેલ હોય કે ખૂટતો હોય તો તે ટેસ્ટ કિટનો ઉપયોગ કરશો નહિ. તમે હજીયે પૅકમાંની અન્ય ટેસ્ટ કિટ્સનો ઉપયોગ કરી શકો છો.

જો તમને આ ટેસ્ટ કિટના ઉપયોગના કારણે નુકસાન થયું હોય અથવા કોઈ પ્રતિક્રિયા આવી હોય તો કૃપા કરીને તે અંગે રિપોર્ટ કરો. તમારી ટેસ્ટ કિટ વિશે પ્રતિભાવ આપવા માટે અથવા તમને નુકસાન થયા અંગે રિપોર્ટ કરવા માટે આ લિંક પર જાઓ:
**gov.uk/covid-19-test-feedback**

અથવા **119** પર કૉલ કરો (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત).
લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.
**119** 200 ભાષાઓમાં તેમજ બ્રિટિશ સાઇન લૅન્ગ્વિજમાં પણ સહાયતા પૂરી પાડે છે.


# તમારું ટેસ્ટ સેટ અપ કરો

| **અગત્યનું** | સીલ કરેલા પૅક પર પ્રિન્ટ કરેલી ( ⌛ ) ઉપયોગ માટેની તારીખ ચેક કરો. ટેસ્ટ ડિવાઇસનો તેના ઉપયોગની તારીખ બાદ ઉપયોગ કરશો નહિ. |
|---|---|





**4** સીલ કરેલા પૅકમાંથી કૅસેટ લો અને તેને સ્વચ્છ સમતલ સપાટી પર મૂકો.

**ચેતવણી** એક વખત ખૂલ્યા બાદ 30 મિનિટની અંદર ટેસ્ટ શરૂ કરો.





**5** ઍક્સટ્રૅક્શન બફર ટ્યૂબને તમારા ચહેરાથી દૂર રાખીને હળવેથી ટ્યૂબ પરની સીલિંગ ફિલ્મ છોલી કાઢો, જેથી કોઈ પણ પ્રવાહી ઢોળાતું ટાળી શકાય.

**ચેતવણી** જો ઍક્સ્ટ્રૅક્શન બફર ટ્યૂબમાંનું પ્રવાહી ત્વચા અથવા આંખોમાં જાય તો તાત્કાલિકપણે તે ધોઈ કાઢો અને જરૂર જણાય તો તબીબી સહાયતા માંગો.



**6** ઍક્સ્ટ્રૅક્શન બફર ટ્યૂબને ઍક્સટ્રૅક્શન બફર ટ્યૂબ હોલ્ડરમાં દાખલ કરો, જેથી બફર ઢોળાતું ટાળી શકાય.




**7** સીલ કરેલા રૅપરમાં ડિસ્પોઝેબલ સ્વૅબ શોધો અને હળવી, રેશમી ટોચ ઓળખો.
જ્યારે તમે ઉપયોગ કરવા માટે તૈયાર હો ત્યારે જ સ્વૅબ પૅકેજિંગ ખોલો. હળવેથી સ્વૅબ કાઢો.




**8** રેશમી ટોચને અડશો નહિ.

**ચેતવણી** ક્યારેય સ્વૅબની નરમ, રેશમી ટોચને અડશો નહિ, અન્યથા તમારે તાજા સ્વૅબ વડે ફરીથી શરૂ કરવાની જરૂર પડશે.

# કોઈ અન્ય માટે ટેસ્ટ કરવો



## જો 12 વર્ષથી ઓછી ઉંમરના બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો


12 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોનું ટેસ્ટ કોઈ પુખ્ત વ્યક્તિ દ્વારા કરવામાં આવવું જોઈએ. જેને સહાયતાની જરૂર હોય એવા બાળક કે વ્યક્તિને કેવી રીતે તૈયાર કરવા અને ટેસ્ટ કરવો તે અંગેના નિર્દેશોનું પાલન કરો. તમે ડૅમો માટેનો વીડિયો આ લિંક પર જોઈ શકો છો: **gov.uk/covid19-self-test-help**



**જો તમે બાળકનો ટેસ્ટ કરી રહ્યા હો તો** તેમને ટેસ્ટ કિટ બતાવો અને તમે શું કરવાના છો તેના વિશે તેની સાથે વાત કરો. જો શક્ય હોય તો તેને કોઈના ખોળામાં બેસાડો અથવા કોઈને તેનો હાથ પકડવાનું કહો. બાળકને ટિશ્યૂમાં પોતાનું નાક ખંખેરવાનું કહો. ટિશ્યૂ કચરાપેટીમાં મૂકો, ત્યારબાદ સાબુ અને સાધારણ ગરમ પાણી અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને **20 સેકંડ** માટે તમારા હાથ બરાબર ધુઓ.



**9** તમને જ્યાં સુધી થોડા અવરોધનો અનુભવ ન થાય ત્યાં સુધી તેમના કોઈ એક નસકોરામાં સ્વૅબની રેશમી ટોચ હળવેથી મૂકો.




**10** નસકોરાની સામે ઘસીને 5 વખત સ્વૅબને ફેરવો.

**11** સ્વૅબ દૂર કરો અને એ જ સ્વૅબ બીજા નસકોરામાં દાખલ કરો. પગલું 9 અને પગલું 10 ફરીથી કરો.

આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે

# તમારો સ્વૅબ નમૂનો લો

| સલાહ | શ્રેષ્ઠ દેખાવ માટે તમારા નસકોરાંને લૂછ્યા બાદ શક્ય તેટલી જલ્દી એૅક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબમાં ડિસ્પોઝેબલ સ્વૅબ મૂકો. |
|---|---|



ટિશ્યૂમાં તમારું નાક ખંખેરો. ટિશ્યૂને કચરાપેટીમાં મૂકો, ત્યારબાદ સાબુ અને ગરમ પાણી અથવા હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરીને **20 સેકંડ** માટે તમારા હાથ બરાબર ધુઓ.




**12** એક નસકોરામાં સ્વૅબની આખી રેશમી ટોચ દાખલ કરો. હળવા રોટેશનનો ઉપયોગ કરીને નસકોરાની ધારથી 2.5 સેમીથી ઓછા અંતરે સ્વૅબ ધકેલો.

આ અગવડદાયક લાગી શકે છે. જો તમને મજબૂત ગતિરોધ અથવા દુખાવો થાય તો સ્વૅબ બિલકુલ વધારે ઊંડો દાખલ કરશો નહિ.




**13** નસકોરાની સામે ઘસીને 5 વખત સ્વૅબને ફેરવો.


**14** સ્વૅબ દૂર કરો અને એ જ સ્વૅબ બીજા નસકોરામાં દાખલ કરો. પગલું 12 અને પગલું 13 ફરીથી કરો.

આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રેપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે


# સ્વૅબ નમૂના પર પ્રક્રિયા કરો

**ચેતવણી** ટેસ્ટને વિકસવા માટે 30 મિનિટથી વધુ સમય માટે રાખી મૂકશો નહિ, કારણ કે તેનાથી પરિણામ અમાન્ય થશે.






**15** ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબ લો,અને સ્વૅબની રેશમી ટોચ ટ્યૂબમાં એવી રીતે મૂકો જેથી તે પ્રવાહીમાં રહે. ટોચને બળ સાથે ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબની ધાર સામે દબાવો, જે દરમિયાન 30 સેકંડ માટે ટ્યૂબની ફરતે તેને ફેરવો. શ્રેષ્ઠ દેખાવ માટે તમારા નસકોરાંને સ્વૅબ કર્યા બાદ શક્ય તેટલી જલ્દી ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબમાં સ્વૅબ મૂકો.





**16** ટ્યૂબની બાજુને દબાવતી વખતે 5 વખત સ્વૅબને ફેરવો. તમારો નમૂનો પ્રવાહીમાં ટ્રાન્સફર કરવા માટે આમ કરવામાં આવે છે.




**17** તમે સ્વૅબને દૂર કરો તે દરમિયાન ઍક્સટ્રેક્શન બફર ટ્યૂબને તેની સામે ચપટી ભરીને પકડો. સ્વૅબની રેશમી ટોચમાંથી તમે બધું પ્રવાહી દૂર કરો તેની ખાતરી કરો.
સ્વૅબને પૂરી પાડવામાં આવેલી કચરાની બૅગમાં મૂકો.




**18** ડ્રૉપરની ટોચને ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબ પર ચુસ્તપણે જોડો. ટ્યૂબના તળિયાને ઘુમાવીને અથવા ઝાટકો મારીને સંપૂર્ણપણે મિક્સ કરો.




**19** ટેસ્ટ કિટ સ્વચ્છ અને સમતલ સપાટી પર હોય તેની ખાતરી કરો. ટેસ્ટ દરમિયાન કૅસેટને ખસેડશો નહિ.





**20** પ્રવાહીનાં 4 ટીપાં ટેસ્ટ કૅસેટ પર સ્પેસિમેન વેલ (S) પર મૂકવા માટે ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબને હળવેથી દબાવો. ખાતરી કરો કે તમે હવાનો પરપોટો નહિ પરંતુ પ્રવાહી પાડતા હો.
ઍક્સ્ટ્રેક્શન બફર ટ્યૂબ કચરાની બૅગમાં મૂકો.





**21** સમય ચેક કરો અને ટાઇમર સેટ કરો. તમે તમારું પરિણામ વાંચો તે પહેલાં 15 મિનિટ રાહ જુઓ.
જ્યારે ટાઇમર 15થી 30 મિનિટ પર પહોંચે ત્યારે પરિણામ વાંચો. 30 મિનિટ બાદ તે વાંચશો નહિ.

# તમારાં પરિણામો વાંચો

## જો તમારો ટેસ્ટ પૉઝિટિવ આવે તો




**બે લાઇનો દેખાશે.**
એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (**C**) હોવી જોઈએ અને અન્ય રંગીન લાઇન ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (**T**) હોવી જોઈએ.




**C**ની પાસેની એક લાઇન અને **T**ની પાસેની એક લાઇન, એમ બે લાઇનો, ઝાંખી લાઇનો પણ સૂચવે છે કે ટેસ્ટ પૉઝિટિવ છે.

જો તમારું પૉઝિટિવ પરિણામ આવે તો તમે અત્યંત ચેપગ્રસ્ત હોઈ શકો છો.

### હવે પછી શું કરવું:


- ઘરે રહેવા અને અન્ય લોકો સાથેના સંપર્ક ટાળવા વિશેની સલાહનું પાલન કરો **nhs.uk/stay-at-home**
- તમારા પરિણામ અંગે જાણ કરો (જુઓ પાન 14 અને સૂચનાઓનું પાલન કરો). પરિણામો રિપોર્ટ કરવાની સેવા તમને હવે પછી શું કરવું એ વિશે નવીનતમ નિર્દેશો આપશે.
- જો તમારાથી થઈ શકે તો લોકોને એકહો કે તમે તમારા ટેસ્ટના પૉઝિટિવ પરિણામ વિશે ઘનિષ્ઠ સંપર્કમાં છો.

### તમારા ઘરમાં અન્ય લોકોને શું કરવાની જરૂર છે:

- તમે જેની સાથે રહો છો એવા લોકોએ આ લિંક પર COVID-19થી ગ્રસ્ત થવાનો અને તેનો ફેલાવો કરવાનો કેવી રીતે ટાળવો તે અંગેની સલાહનું પાલન કરવું જોઈએ: **nhs.uk/stay-at-home**

**તમારા ટેસ્ટના પરિણામ અંગે રિપોર્ટ કરો**


## જો તમારો ટેસ્ટ નેગેટિવ આવે તો




એક રંગીન લાઇન કન્ટ્રોલ લાઇનના વિસ્તારમાં (**C**) દેખાય છે. ટેસ્ટ લાઇનના વિસ્તારમાં (**T**) કોઈ લાઇન દેખાતી નથી. જો તમને નૅગેટિવ પરિણામ મળે તો એ શક્ય છે કે ટેસ્ટ કરવામાં આવ્યો હોય તે સમયે તમે ચેપગ્રસ્ત ન હો.


જોકે, નૅગેટિવ ટેસ્ટ પરિણામથી એવી કોઈ ખાતરી મળતી નથી કે તમને COVID-19 નથી. આ લિંક પર COVID-19થી ગ્રસ્ત થવાનો અને તેનો ફેલાવો કરવાનો કેવી રીતે ટાળવો તે અંગેની સલાહનું તમારે અને તમારા ઘરના લોકોએ પાલન કરવું જોઈએ:
**nhs.uk/how-to-avoid-covid**

## અમાન્ય પરિણામ




**નૅગેટિવ અને અમાન્ય પરિણામો અંગે રિપોર્ટ કરવાથી NHSને એ જાણવામાં મદદ મળે છે કે કેટલા ટેસ્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને ટેસ્ટ્સ અંગે કોઈ સમસ્યાઓ છે કે નહિ.**

કન્ટ્રોલ લાઇન (**C**) દેખાઈ શકતી નથી અથવા માત્ર એક જ લાલ બાર (**T**) દેખાય છે, જેનો અર્થ એ છે કે ટેસ્ટ અમાન્ય છે.




**જો તમને અમાન્ય પરિણામ મળે તો** તેનો અર્થ એ છે કે જ્યારે ટેસ્ટ કરવામાં આવ્યો ત્યારે તમને વાઇરસ લાગેલો હતો કે નહિ તે કહેવું શક્ય નથી. તમને કોરોનાવાઇરસ છે કે કેમ તે ચેક કરવા માટે શક્ય તેટલી જલ્દી વધુ એક ટેસ્ટ કરાવો.

પ્રથમ ટેસ્ટમાંથી **કોઈ વસ્તુનો ફરીથી ઉપયોગ કરશો નહિ** અને પગલા 1થી ટેસ્ટની કાર્યપ્રણાલી શરૂ કરો.


**જો સમસ્યા ચાલુ રહે તો,** ટેસ્ટ કિટ્સનો તાત્કાલિકપણે ઉપયોગ કરવાનું બંધ કરો. જો તમારી પાસે બીજો એક ટેસ્ટ ઉપલબ્ધ ન હોય તો તમે નીચે પ્રમાણે અલગ પ્રકારનો ટેસ્ટ કરાવી શકો છો:

- આ લિંક પર **gov.uk/get-coronavirus-test**
- **119** પર ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરી શકો છો.
  લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે.

આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રેપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે

# તમારા પરિણામ અંગે જાણ કરો

## તમારે પૉઝિટિવ, નૅગેટિવ અથવા અમાન્ય પરિણામ અંગે જાણ કરવી જોઈએ




ટેસ્ટનાં બધાં પરિણામોને રેકૉર્ડ કરવાથી વૈજ્ઞાનિકોને વાઇરસની નવી મહામારીઓ શોધવામાં અને કેવી રીતે પ્રતિસાદ આપવો તેની સલાહ આપવામાં મદદ મળે છે.

જો લોકો પૉઝિટિવ પરિણામ અંગે જ જાણ કરે તો કેસનાં સ્તરો ખરેખર હોય તેના કરતાં વધારે લાગે છે.

તેથી, તમારું પરિણામ **નૅગેટિવ** અથવા **અમાન્ય** હોય તો પણ તમે ખાતરી કરશો કે NHSની માહિતી ચોક્કસ રહે.

તમારા પરિણામ અંગે જાણ કરવા માટે તમારે તેની નીચે એક **QR કોડ,** અથવા **આઇડી નંબરની** જરૂર પડશે.

આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે

# તમારા પરિણામ અંગે રિપોર્ટ કેમ કરશો




## ઑનલાઇન રિપોર્ટ કરો (સૌથી ઝડપી)

જો તમે ઇંગ્લૅન્ડ, વેલ્સ અથવા ઉત્તર આયર્લૅન્ડમાં રહેતા હો તો આ લિંક પર જાઓ:
gov.uk/report-covid19-result

જો તમે **સ્કૉટલૅન્ડમાં** રહેતા હો તો આ લિંક પર જાઓ: covidtest.scot




## ટેલિફોનથી જાણ કરો

119 પર કૉલ કરો
લાઇનો દરરોજ સવારે 7થી રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લી રહે છે, (મોબાઇલ અને લૅન્ડલાઇનમાંથી મફત)

## ઉપયોગમાં લેવાયેલી સંજ્ઞાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ઉત્પાદક | | *<n>* ટેસ્ટ્સ માટે પૂરતા પ્રમાણમાં છે | 2°C 30°C | તાપમાન મર્યાદા |
| IVD | *ઇન વિટ્રો* નિદાનાત્મક તબીબી ઉપકરણ | | આ તારીખ સુધીમાં ઉપયોગ કરવો જોઈએ | | ફરીથી ઉપયોગ કરશો નહિ |
| | ઉપયોગ માટે સૂચનાઓ વાંચો | LOT | લૉટ ક્રમાંક | REF | કૅટલૉગ નંબર |
| EC REP | યૂરોપિયન સમુદાયમાં અધિકૃત પ્રતિનિધિ | | ઉત્પાદનની તારીખ | | કોરું રાખો |
| | પૅકેજને નુકસાન થયું હોય તો ઉપયોગ કરશો નહિ | STERILIZE | ફરીથી જંતુમુક્ત કરશો નહિ | | સૂર્યપ્રકાશથી દૂર રાખો |
| STERILE EO | ઇથીલીન ઑક્સાઇડનો ઉપયોગ કરીને જંતુમુક્ત કરાયું | | રિસાઇક્લેબલ | | ચેતવણી, કૃપા કરીને સૂચના વાંચો |

આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રેપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે

# તમે તમારો ટેસ્ટ ત્યારે જ પૂરો કરશો, જ્યારે તમે તમારા પરિણામ અંગે જાણ કરી હોય



**તમારા ટેસ્ટના પરિણામ અંગે જાણ કરો**

NHS ટેસ્ટ ઍન્ડ ટ્રેસ પ્રોગ્રામ હેઠળ UK હેલ્થ સિક્યોરિટી એજંસી (UKHSA) ડિપ્લૉયમેન્ટના ભાગરૂપે જ આ સાધનનો સપ્લાય કરવાની પરવાનગી છે.

**Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ)**

***ACON* Biotech (Hangzhou) Co., Ltd.**
No.210 Zhenzhong Road, West Lake District,
Hangzhou, P.R. China (ચાઇના), 310030

વેબસાઇટ: www.aconbio.com
ઇમેલ: COVID19selftest@aconlab.com.cn

EC REP
MedNet EC-REP GmbH
Borkstrasse 10
48163 Muenster, Germany (જર્મની)

CE 0123

**ડિસ્પોઝેબલ સ્વૅબ્ઝ**

**Jiangsu Changfeng Medical Industry Co., Ltd.**
Touqiao Town, Guangling District, Yangzhou
225109, Jiangsu, P.R. China (ચાઇના)

EC REP
Llins Service & Consulting GmbH
Obere Seegasse 34/2, 69124
Heidelberg, Germany (જર્મની)

CE 0197

**અથવા**

**Jiangsu HanHeng Medical Technology Co., Ltd.**
16-B4, #1 North Qingyang Road, Tianning District,
Changzhou, 213017 Jiangsu P.R. China (ચાઇના)

EC REP
Luxus Lebenswelt GmbH
Kochstr.1, 47877, Willich, Germany (જર્મની)

CE 0197

ACON®

સંસ્કરણ 1151414701 અમલી તારીખ 2022-03-22
આ દસ્તાવેજમાંની બધી માહિતી અને તસ્વીરો *ACON* Biotech (Hangzhou) Co., Ltd.
Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ), ઉત્પાદ કોડ: L031-118Y5 પ્રમાણે સાચી છે.

આ સૂચના પુસ્તિકા માત્ર ACON Flow*flex*™ SARS-CoV-2 ઍન્ટિજન રૅપિડ ટેસ્ટ (સૅલ્ફ-ટેસ્ટિંગ) L031-118Y5નો જ ઉલ્લેખ કરે છે